જા. નં. 7 /EC/RO/GV/2026-27

ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

Executive Council (કાર્યવાહક પરિષદ) 1/2026-27

આદરણીયશ્રી,

ગૂજરાત વિદ્યાપીઠની Executive Council (કાર્યવાહક પરિષદ)ની વર્ષ 2026-27ની પ્રથમ બેઠક તા. 30-06-2026 ને મંગળવારના રોજ 04-00 વાગ્યે સમિતિખંડ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ ખાતે માન. કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને મળી હતી. તેમાં નીચેના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા :

| | | | |
|---|---|---|---|
| 1. | ડૉ. હર્ષદ એ. પટેલ | : | અધ્યક્ષશ્રી અને કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ |
| 2. | ડૉ. નીતિનભાઈ પેથાણી | : | સભ્ય, કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રતિનિધિ |
| 3. | શ્રી દિલીપભાઈ ઠાકર | : | સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ (ઑનલાઈન) |
| 4. | શ્રી વિશાલભાઈ ભાદાણી | : | સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ (ઑનલાઈન) |
| 5. | ડૉ. અજયભાઈ પરીખ | : | સભ્ય અને ડીનશ્રી, માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ |
| 6. | ડૉ. સંજયભાઈ મકવાણા | : | સભ્ય તથા ડીનશ્રી, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ |
| 7. | ડૉ. મહેશભાઈ ગામીત | : | સભ્ય તથા પ્રાધ્યાપકશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| 8. | ડૉ. જયશ્રીબહેન મહેતા | : | સભ્ય તથા સહ-પ્રાધ્યાપકશ્રી, ફુડ અને ન્યુટ્રીશીયન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| 9. | ડૉ. હરિભાઈ પટેલ | : | સભ્ય તથા મદદનીશ પ્રાધ્યાપકશ્રી, શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ |
| 10. | પ્રા. હિમાંશુભાઈ પટેલ | : | કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ |

પ્રા. કનુભાઈ નાયક (સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ) બેઠકમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવામાં આવી.

બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કાર્ય-1 : તા. 20-03-2026ના રોજ મળેલ કાર્યવાહક પરિષદની બેઠકના અહેવાલને તથા અમલવારી નોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ-1 : તા. 20-03-2026ના રોજ મળેલ કાર્યવાહક પરિષદની બેઠકના ઠરાવ નં. 33 સંદર્ભે વધુ ચર્ચાને અંતે ઠરાવવામાં આવ્યું કે શ્રી રીનાબહેન બ્રહ્મભટ્ટ ગાંધીજીના 'સત્યના પ્રયોગો' અને ગૂજરાત વિદ્યાપીઠના પ્રકાશનોનું વાંચન કરે અને ચિંતનાત્મક ડાયરી લખે. માસના અંતે લખેલ ડાયરી મહેકમ શાખામાં જમા કરાવે.

ત્યારબાદ તા. 20-03-2026ના રોજ મળેલ કાર્યવાહક પરિષદની બેઠકના અહેવાલ તથા અમલવારી નોંધને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-2 : તા. 24-03-2026ના રોજ મળેલ કાર્યવાહક પરિષદની ખાસ બેઠકના અહેવાલને તથા અમલવારી નોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ-2 : તા. 24-03-2026ના રોજ મળેલ કાર્યવાહક પરિષદની ખાસ બેઠકના અહેવાલને તથા અમલવારી નોંધને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું.

<u>વિદ્યાકીય શાખા (Academic Branch)</u>

કાર્ય-3 : શૈક્ષણિક વર્ષ 2026-27 ગુરુપૂર્ણિમા સત્રનું વહીવટી તિથિપત્રક મંજૂર કરવા અંગે.

ઠરાવ-3 : શૈક્ષણિક વર્ષ 2026-27 ગુરુપૂર્ણિમા સત્રનું વહીવટી તિથિપત્રક મંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 : ગૂજરાત વિદ્યાપીઠ (DTBU), વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC) તથા શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર (MoE) વચ્ચે થયેલ TRIPARTITE MoU અંતર્ગત વર્ષ 2025–26 અન્વયે માર્ચ 2026 સુધીની માહિતી તથા વર્ષ 2026-27 અન્વયે એપ્રિલ 2026થી માર્ચ 2027 સુધીના લક્ષ્યાંક અંગેની વિગત યુ.જી.સી.માં મોકલી આપેલ છે, તેની જાણ તથા બહાલી અંગે.

ઠરાવ-4 : ગૂજરાત વિદ્યાપીઠ (DTBU), વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC) તથા શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર (MoE) વચ્ચે થયેલ TRIPARTITE MoU અંતર્ગત વર્ષ 2025–26 અન્વયે માર્ચ 2026 સુધીની માહિતી તથા વર્ષ 2026-27 અન્વયે એપ્રિલ 2026થી માર્ચ 2027 સુધીના લક્ષ્યાંક અંગેની યુ.જી.સી.માં મોકલી આપેલ વિગતોને બહાલી આપવામાં આવી તથા બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-5 : ગૂજરાત વિદ્યાપીઠ અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC), ન્યુ દિલ્હી વચ્ચે Ph.D. NET Score સંદર્ભે થયેલ Memorandum of Understanding (MoU)ને બહાલી આપવા અંગે.

ઠરાવ-5 : ગૂજરાત વિદ્યાપીઠ અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC), ન્યુ દિલ્હી વચ્ચે Ph.D. NET Score સંદર્ભે થયેલ Memorandum of Understanding (MoU)ને બહાલી આપવામાં આવી.

કાર્ય-6 : પીએચ.ડી. અભ્યાસક્રમમાં પૂર્ણ સમય માટે અભ્યાસ કરી રહેલા સંશોધક વિદ્યાર્થીઓને પ્રાણજીવન ભવન ખાતે સંશોધન હેતુ અભ્યાસખંડ ફાળવવાની મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-6 : પીએચ.ડી. અભ્યાસક્રમમાં પૂર્ણ સમય માટે અભ્યાસ કરી રહેલા સંશોધક વિદ્યાર્થીઓને પ્રાણજીવન ભવન ખાતે સંશોધન હેતુ અભ્યાસખંડ ફાળવવાની મંજૂરી આપવામાં આવી.

કાર્ય-7 : ગૂજરાત વિદ્યાપીઠમાં હાલ સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખામાં સમાજકાર્ય અને ગ્રામવિકાસ વિભાગ હેઠળ BRS (બેચલર ઓફ રૂરલ સ્ટડીઝ)નો અભ્યાસક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. આ અભ્યાસક્રમ હવે ગ્રામવિદ્યા વિભાગ અંતર્ગત ચાલે તે માટે ગ્રામવિદ્યા વિભાગ (Department of Rural Studies)ની

રચના કરવા તેમજ આ વિભાગને વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખા (Faculty of Management and Commerce) અંતર્ગત સમાવવા માટે મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-7 : ગ્રામવિદ્યા વિભાગ (Department of Rural Studies)ની રચના કરવા તેમજ આ વિભાગને વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખા (Faculty of Management and Commerce) અંતર્ગત સમાવવા મંજૂરી આપવામાં આવી.

કાર્ય-8 : ગૂજરાત વિદ્યાપીઠના નિયમ 2024ના ભાગ-2 (Academic Rules)ના નિયમ નં. 12 મુજબ ડૉ. શેતલબહેન બડોદિયા (સહપ્રાધ્યાપક, માનવ સંસાધન વ્યવસ્થાપન વિભાગ)ને વ્યવસ્થાપન વિષયના પી.એચ.ડી. માર્ગદર્શક તરીકે મંજૂરી આપવા અંગે.

ઠરાવ-8 : ગૂજરાત વિદ્યાપીઠના નિયમ 2024ના ભાગ-2 (Academic Rules)ના નિયમ નં. 12 મુજબ ડૉ. શેતલબહેન બડોદિયા (સહપ્રાધ્યાપક, માનવ સંસાધન વ્યવસ્થાપન વિભાગ)ને વ્યવસ્થાપન વિષયના પી.એચ.ડી. માર્ગદર્શક તરીકે મંજૂરી આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-9 : વર્ષ 2026-27ના ગુરુપૂર્ણિમા સત્ર અન્વયે છાત્રાલય તથા વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ સ્થિતિ અને પ્રવેશ સમિતિની કાર્યવાહીને મંજૂર રાખવા તથા નોંધ લેવા સારુ.

ઠરાવ-9 : વર્ષ 2026-27ના ગુરુપૂર્ણિમા સત્ર અન્વયે છાત્રાલય તથા વિવિધ અભ્યાસક્રમો સંદર્ભે થયેલ પ્રવેશ સમિતિની કાર્યવાહીને મંજૂર રાખવા ઠરાવવામાં આવ્યું તથા નીચે દર્શાવેલ પ્રવેશ સ્થિતિની બેઠકમાં નોંધ લેવામાં આવી.

| Sr No. | Course Name | Course Type | Male | Female | Total |
|---|---|---|---|---|---|
| 1 | B.A. - Economics | UG | 11 | 9 | 20 |
| 2 | B.A. - History | UG | 22 | 11 | 33 |
| 3 | B.A. - Sociology | UG | 24 | 39 | 63 |
| 4 | B.C.A. | UG | 31 | 24 | 55 |
| 5 | B.Com. | UG | 12 | 14 | 26 |
| 6 | B.P.E.S. | UG | 41 | 7 | 48 |
| 7 | B.R.S. | UG | 24 | 3 | 27 |
| 8 | B.Sc. - Microbiology | UG | 16 | 17 | 33 |
| 9 | B.Ed. | UG after Graduation | 46 | 113 | 159 |
| 10 | B.Ed. (Hindi) | UG after Graduation | 10 | 22 | 32 |
| 11 | B.P.Ed. | UG after Graduation | 41 | 14 | 55 |
| 12 | M.A. - Economics | PG | 4 | 2 | 6 |
| 13 | M.A. - English | PG | 3 | 4 | 7 |
| 14 | M.A. - Gujarati | PG | 1 | 5 | 6 |
| 15 | M.A. - Hindi | PG | 1 | 5 | 6 |
| 16 | M.A. - History | PG | 6 | 10 | 16 |
| 17 | M.A. - Human Resource Management | PG | 11 | | 11 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 18 | M.A. - Journalism & Mass Communication/PG Diploma in Digital Media Production (PGDDMP) | PG | 4 | 10 | 14 |
| 19 | M.A. - Sociology | PG | 4 | 5 | 9 |
| 20 | M.B.A. - Rural Management | PG | 6 | 4 | 10 |
| 21 | M.C.A. | PG | 35 | 24 | 59 |
| 22 | M.Ed. | PG | 7 | 13 | 20 |
| 23 | M.Lib.I.Sc. | PG | 3 | 6 | 9 |
| 24 | M.P.Ed. | PG | 28 | 9 | 37 |
| 25 | M.S.W. | PG | 21 | 29 | 50 |
| 26 | M.Sc. - Food & Nutrition | PG | 1 | 19 | 20 |
| 27 | M.Sc. - Microbiology | PG | 5 | 17 | 22 |
| 28 | M.Sc. (IT) | PG | 27 | 13 | 40 |
| 29 | Master of Yogic Art & Science | PG | 4 | 15 | 19 |
| 30 | Post Graduate Diploma in Generative AI and Prompt Engineering | PG | 4 | 2 | 6 |
| | **Grand Total** | - | **453** | **465** | **918** |

પ્રવેશ સમિતિની કાર્યવાહી ડૉ. અજયભાઈ પરીખ તથા સમિતિના સભ્યો દ્વારા સુચારુરૂપે પૂર્ણ કરવામાં આવી તે માટે સભ્યશ્રીઓ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા.

કાર્ય-10 : વર્ષ 2025-26 દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠની નીચે દર્શાવેલ વિવિધ સમિતિઓના બેઠકોના અહેવાલોને બહાલી આપવા અંગે.

| No. | Date | Committee/Cell |
|---|---|---|
| 1. | 06-06-2025, 04-08-2025 | Anti Ragging Monitoring Cell/Anti Ragging Committee |
| 2. | 31-07-2025, 26-12-2025 | Students Grievance Redressal Committee |
| 3. | 05-02-2026 | Women Development Cell (WDC) |
| 4. | 24-02-2026 | Hostel Committee |
| 5. | 25-02-2026 | MOOC Advisory Committee |
| 6. | 26-02-2026 | International Office Committee |
| 7. | 28-02-2026 | Internal Complaint Committee (ICC) |
| 8. | 07-03-2026, 19-03-2026 | Internal Quality Assurance Cell (IQAC) |
| 9. | 07-03-2026 | Equal Opportunity Cell |
| 10. | 07-03-2026 | Equal Opportunity Advisory Committee |

| | | |
|---|---|---|
| 11. | 10-03-2026, 18-06-2025 | Prakashan Mandir Advisory Committee |
| 12. | 10-03-2026 | Library Committee |
| 13. | 25-09-2025, 16-03-2026 | Institutional SSIP Committee |
| 14. | 11-03-2026 | Placement Cell (Rojgar Paramarshan Cell |
| 15. | 11-03-2026 | Student Sports, Cultural and Welfare Committee |
| 16. | 13-03-2026 | Vinay Mandir Advisory Committee |
| 17. | 13-03-2026 | Vikas Advisory Committee |
| 18. | 13-03-2026 | Building and Works Committee/Jagir Vyavasthapan Samiti (JVS) (BWS and NAB) |
| 19. | 13-03-2026 | Mission Life Committee |
| 20. | 05-09-2025, 16-03-2026 | Kosh Vibhag Advisory Committee |
| 21. | 16-03-2026 | Samvidhan Cell |
| 22. | 16-03-2026 | Adivasi Sanshodhan ane Talim Kendra Advisory Committee |
| 23. | 16-03-2026 | Vigyan Kendra Advisory Committee |
| 24. | 19-03-2026 | NSS Advisory Committee (NSS Cell) |

ઠરાવ-10 : વર્ષ 2025-26 દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ સમિતિઓના બેઠકોના અહેવાલોને બહાલી આપવામાં આવી.

કાર્ય-11 : ગૂજરાત વિદ્યાપીઠ ખાતે સેવા બજાવતા કેટલાક અધ્યાપકોને અગાઉના વર્ષોમાં ગૂજરાત વિદ્યાપીઠમાં જ પીએચ.ડી. અભ્યાસક્રમમાં પ્રવેશ તથા સંશોધન કાર્ય કરવાની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, કેટલાક અધ્યાપકો અંગત તેમજ અનિવાર્ય સંજોગોને કારણે નિર્ધારિત સમયમર્યાદામાં પોતાનો પીએચ.ડી. અભ્યાસક્રમ પૂર્ણ કરી શક્યા ન હતા અને પરિણામે તેમનો અભ્યાસક્રમ અધૂરો રહી ગયો છે. આવા અધ્યાપકોને શૈક્ષણિક વિકાસની વધુ એક તક ઉપલબ્ધ થાય, તેમના સંશોધન કાર્યને પ્રોત્સાહન મળે તથા વિદ્યાપીઠમાં સંશોધનની ગુણવત્તામાં વધારો થાય તે હેતુથી, તેમને હાલ અમલમાં રહેલા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (UGC)ના નિયમો તેમજ ગૂજરાત વિદ્યાપીઠના પીએચ.ડી. સંબંધિત નિયમોને આધીન રહી, જરૂરી શૈક્ષણિક અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરીને પીએચ.ડી. અભ્યાસક્રમ પુનઃ નોંધણીની મંજૂરી આપવા અર્થે રજૂ.

ઠરાવ-11 : ગૂજરાત વિદ્યાપીઠ ખાતે સેવા બજાવતા સેવકો અનિવાર્ય સંજોગોને કારણે પીએચ.ડી. અભ્યાસક્રમ પૂર્ણ કરી શક્યા નથી. તેવા સેવકો માટે હાલ અમલમાં રહેલા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (UGC)ના નિયમો તેમજ ગૂજરાત વિદ્યાપીઠના પીએચ.ડી. સંબંધિત નિયમોને આધીન રહી વિદ્યાકીય શાખા દ્વારા પૂર્ણ ચકાસણી કર્યા બાદ પીએચ.ડી. અભ્યાસક્રમ પુનઃ નોંધણીની મંજૂરી આપવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-12 : તા. 24 જૂન, 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠની સાત વિદ્યાશાખાના 18 વિભાગોની અભ્યાસ સમિતિઓ (BoS)ની બેઠકોની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

ઠરાવ-12 : તા. 24 જૂન, 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠની સાત વિદ્યાશાખાના 18 વિભાગોની અભ્યાસ સમિતિઓ (BoS)ની બેઠકોની કાર્યનોંધને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું. વધુમાં યુ.જી.સી.ના તા. 16-07-2025ના પત્ર ક્રમાંક 1-1/2018 (CARE/JOURNAL)મા જણાવેલ યોગ્યતાઓ (પેરામીટર)નું પાલન કરતા હોય તેવા જ જર્નલ્સને 'Referred Journals' તરીકે મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું. 'Referred Journals' ની મંજૂર યાદીમાં કોઈ ફેરફાર કે ઉમેરો કરાવવાનો હોય તો તે માટે અભ્યાસ સમિતિની (BoS)ની ભલામણ સાથે વિદ્યાસભા તથા કાર્યવાહક પરિષદની બેઠકમાં મૂકવાનું નક્કી કરવામાં આવ્યું.

કાર્ય-13 : સાત વિદ્યાશાખાના 18 વિભાગો દ્વારા જાન્યુઆરી 2026 થી માર્ચ 2026 સુધીની ત્રિમાસિક કામગીરીના સમીક્ષા અહેવાલ- પ્રસ્તુતિની નોંધ લેવા અંગે.

ઠરાવ-13 : સાત વિદ્યાશાખાના 18 વિભાગો દ્વારા જાન્યુઆરી 2026 થી માર્ચ 2026 સુધીની ત્રિમાસિક કામગીરીના સમીક્ષા અહેવાલ- પ્રસ્તુતિની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-14 : વર્ષ 2025-26 દરમ્યાન કરેલ કામગીરી સંદર્ભે તા. 13-24 મે, 2026 દરમ્યાન કરાર આધારિત શૈક્ષણિક સેવકો, તા. 25 થી 27 જૂન, 2026 દરમ્યાન કાયમી શૈક્ષણિક સેવકો, તા. 25 મે, 2026ના રોજ કરાર આધારિત બિન-શૈક્ષણિક સેવકો તથા તા. 11 થી 13 જૂન, 2026 દરમ્યાન કાયમી બિન-શૈક્ષણિક સેવકોની કામગીરીની વ્યક્તિગત પ્રસ્તુતિનું આયોજન કરવામાં આવ્યું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-14 : વર્ષ 2025-26 દરમ્યાન કરેલ કામગીરી સંદર્ભે તા. 13-24 મે, 2026 દરમ્યાન કરાર આધારિત શૈક્ષણિક સેવકો, તા. 25 થી 27 જૂન, 2026 દરમ્યાન કાયમી શૈક્ષણિક સેવકો, તા. 25 મે, 2026ના રોજ કરાર આધારિત બિન-શૈક્ષણિક સેવકો તથા તા. 11 થી 13 જૂન, 2026 દરમ્યાન કાયમી બિન-શૈક્ષણિક સેવકોની કામગીરીની વ્યક્તિગત પ્રસ્તુતિની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-15 (1) ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયા પ્રેરિત મા ફાઉન્ડેશન દ્વારા કુલ રૂ. 50,00,000/- (રૂપિયા પચાસ લાખ પૂરા)ની રકમ ચંદ્રક હેતુ દાન જાહેર કરેલ છે. આ રકમમાંથી ભાષા અને સાહિત્ય વિદ્યાશાખા, શારીરિક શિક્ષણ વિદ્યાશાખા અને માહિતી પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા એમ કુલ ત્રણ વિદ્યાશાખાઓમાં કુલાધિપતિ મંદિર ચંદ્રક કુલ વીસ વર્ષ (2026 - 2046) માટે "મંદિર ચંદ્રક" (સુવર્ણચંદ્રક) એનાયત કરવાનો પ્રસ્તાવ મંજૂરી અર્થે રજૂ.

(2) શ્રી જનક નટવરલાલ પરીખ દ્વારા તેમના માતૃશ્રીની યાદગીરીમાં (પૂર્વ વિદ્યાર્થીની હિન્દી બી,એડ.) તા. 11-04-2026, બેંક ઑફ ઇન્ડિયા, નારણપુરા શાખા, ચેક નં. 759657થી રૂ. 5,00,000/-(રૂ. પાંચ લાખ) દાન મળેલ છે, જેને દસ વર્ષ (2026 - 2036) માટે 'બી.એડ્. (હિન્દી) વિભાગ - ધ્વજ ચંદ્રક' હેતુ મંજૂર કરવા બાબત.

ઠરાવ-15 (1) ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયા પ્રેરિત મા ફાઉન્ડેશન દ્વારા કુલ રૂ. 50,00,000/- (રૂપિયા પચાસ લાખ પૂરા)ની રકમ ચંદ્રક હેતુ દાન જાહેર કરેલ છે. આ રકમમાંથી ભાષા અને સાહિત્ય વિદ્યાશાખા, શારીરિક શિક્ષણ વિદ્યાશાખા અને માહિતી પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા એમ કુલ ત્રણ વિદ્યાશાખાઓમાં કુલાધિપતિ મંદિર ચંદ્રક કુલ વીસ વર્ષ (2026 - 2046) માટે "મંદિર ચંદ્રક" (સુવર્ણચંદ્રક) એનાયત કરવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી તથા ટ્રસ્ટી પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયાનો સભ્યશ્રીઓ દ્વારા સહર્ષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

(2) શ્રી જનક નટવરલાલ પરીખ દ્વારા તેમના માતૃશ્રીની યાદગીરીમાં (પૂર્વ વિદ્યાર્થીની હિન્દી બી,એડ.) તા. 11-04-2026, બેંક ઑફ ઇન્ડિયા, નારણપુરા શાખા, ચેક નં. 759657થી રૂ. 5,00,000/-(રૂ. પાંચ લાખ) દાન મળેલ છે, જેને દસ વર્ષ (2026 - 2036) માટે 'બી.એડ્. (હિન્દી) વિભાગ - ધ્વજ ચંદ્રક' હેતુ મંજૂર કરવામાં આવ્યું તથા દાતા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી.

કાર્ય-16 (1) તા. 22 માર્ચ. 2026ના રોજ શારીરિક શિક્ષણ વિદ્યાશાખાની રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા વન પ્રસારણ વિભાગ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'વન, પર્યાવરણ અને ખેતી' વિષય પર એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અંદાજિત 300 વિદ્યાર્થીઓ તથા ગામના લોકોએ ભાગ લીધો હતો, તેની જાણ તથા નોંધ લેવા અંગે.

(2) તા. 7 એપ્રિલ 2026ના રોજ 'વિશ્વ સ્વાસ્થ્ય દિવસ' નિમિત્તે રાષ્ટ્રીય સેવા યોજના, ઉન્નત ભારત અભિયાન, આરોગ્ય કેન્દ્ર, સાદરા તથા આયુર્વેદિક કૉલેજ, કોલવડાના સંયુક્ત ઉપક્રમે 'આયુર્વેદિક શિબિર' યોજવામાં આવી હતી, જેમાં અંદાજિત 240 વિદ્યાર્થીઓ તથા 100 ગ્રામજનોના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવી હતી અને આયુર્વેદિક ઉકાળા તથા દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-16 1 તા. 22 માર્ચ. 2026ના રોજ શારીરિક શિક્ષણ વિદ્યાશાખાની રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા વન પ્રસારણ વિભાગ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'વન, પર્યાવરણ અને ખેતી' વિષય પર એક દિવસીય તાલીમ શિબિરમાં અંદાજિત 300 વિદ્યાર્થીઓ તથા ગામના લોકોએ ભાગ લીધો, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

(2) તા. 7 એપ્રિલ 2026ના રોજ 'વિશ્વ સ્વાસ્થ્ય દિવસ' નિમિત્તે રાષ્ટ્રીય સેવા યોજના, ઉન્નત ભારત અભિયાન, આરોગ્ય કેન્દ્ર, સાદરા તથા આયુર્વેદિક કૉલેજ, કોલવડાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ 'આયુર્વેદિક શિબિર'માં અંદાજિત 240 વિદ્યાર્થીઓ તથા 100 ગ્રામજનોના સ્વાસ્થ્યની ચકાસણી તથા આયુર્વેદિક ઉકાળા તથા દવાઓનું વિતરણ કરવામાં આવ્યું તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-17 (1) તા. 19 માર્ચ, 2026ના રોજ ભારત સરકારના જનજાતિય કાર્ય મંત્રાલય દ્વારા નવી દિલ્હીમાં યોજાયેલ 'રાષ્ટ્રીય જનજાતિ કલા પ્રદર્શન 2026'માં સમગ્ર ગુજરાતમાંથી પસંદ થયેલા બે વિદ્યાર્થીઓમાં ગૂજરાત વિદ્યાપીઠના કલામંદિરના વિદ્યાર્થી આનંદભાઈ મોહનભાઈ વૈજાની તેમની ઉત્તમ ચિત્રકલા માટે પસંદગી થઈ, તેની જાણ તથા નોંધ લેવા અંગે.

(2) તા. 20 માર્ચ, 2026ના રોજ એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ખાતે યોજાયેલ 'મહાદેવભાઈ દેસાઈ વકતૃત્વ સ્પર્ધા'માં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી પરીક્ષિત મેઘના મુકેશ અને રાજ વાઢેરે' સાંપ્રત યુવાધન' વિષય પર રજૂઆત કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-17 (1) તા. 19 માર્ચ, 2026ના રોજ ભારત સરકારના જનજાતિય કાર્ય મંત્રાલય દ્વારા નવી દિલ્હીમાં યોજાયેલ 'રાષ્ટ્રીય જનજાતિ કલા પ્રદર્શન 2026'માં સમગ્ર ગુજરાતમાંથી પસંદ થયેલા બે વિદ્યાર્થીઓમાં ગૂજરાત વિદ્યાપીઠના કલામંદિરના વિદ્યાર્થી આનંદભાઈ મોહનભાઈ વૈજાની તેમની ઉત્તમ ચિત્રકલા માટે પસંદગી થઈ, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

(2) તા. 20 માર્ચ, 2026ના રોજ એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ખાતે યોજાયેલ 'મહાદેવભાઈ દેસાઈ વકતૃત્વ સ્પર્ધા'માં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી પરીક્ષિત મેઘના મુકેશ અને રાજ વાઢેરે 'સાંપ્રત યુવાધન' વિષય પર રજૂઆત કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-18 (1) તા. 18 માર્ચ, 2026ના રોજ ગૂજરાત વ્યવસ્થાપન-વાણિજ્ય વિદ્યાશાખા તથા આઈ.સી.ટી. વિદ્યાશાખાના સંયુક્ત ઉપક્રમે "ગિફ્ટ સિટી અને IFSC : યુવાનો માટે વ્યવસાયની ઉત્કૃષ્ટ તકો" વિષય પર વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

(2) તા. 27 માર્ચ, 2026ના રોજ વાણિજ્ય વિભાગ દ્વારા 'સતત, હરિત અને જવાબદાર લેખાંકન' (Sustainable, Green, and Responsible Accounting) વિષય પર રાષ્ટ્રીય સંમેલન યોજવામાં આવ્યું હતું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-18 (1) તા. 18 માર્ચ, 2026ના રોજ ગૂજરાત વ્યવસ્થાપન-વાણિજ્ય વિદ્યાશાખા તથા આઈ.સી.ટી. વિદ્યાશાખાના સંયુક્ત ઉપક્રમે "ગિફ્ટ સિટી અને IFSC : યુવાનો માટે વ્યવસાયની ઉત્કૃષ્ટ તકો" વિષય પર યોજાયેલ વિશેષ સત્રની બેઠકમાં નોંધ લેવામાં આવી.

(2) તા. 27 માર્ચ, 2026ના રોજ વાણિજ્ય વિભાગ દ્વારા 'સતત, હરિત અને જવાબદાર લેખાંકન' (Sustainable, Green, and Responsible Accounting) વિષય પર યોજાયેલ રાષ્ટ્રીય સંમેલનની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-19 : તા. 3 એપ્રિલ 2026ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની પુત્રી, ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ વિદ્યાર્થીની અને ટ્રસ્ટી સુશ્રી મણિબહેન પટેલના જન્મદિવસ નિમિત્તે શાહીબાગ પરિસરનું નામાભિધાન "મણિબહેન પટેલ પરિસર" કરવામાં આવ્યું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-19 : તા. 3 એપ્રિલ 2026ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની પુત્રી, ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ વિદ્યાર્થીની અને ટ્રસ્ટી સુશ્રી મણિબહેન પટેલના જન્મદિવસ નિમિત્તે શાહીબાગ પરિસરનું નામાભિધાન "મણિબહેન પટેલ પરિસર" કરવામાં આવ્યું, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-20 : તા. 3 મે, 2026ના રોજ ગ્રંથાલય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 'જ્ઞાનસંચય મહોત્સવ 2026' નું આયોજન કરવામાં આવ્યું હતું, અત્યાર સુધીમાં કુલ 50 જેટલા દાતાઓ દ્વારા 5,000 પુસ્તકોનું દાન ગ્રંથાલયને મળ્યું છે, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-20 : તા. 3 મે, 2026ના રોજ ગ્રંથાલય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલ 'જ્ઞાનસંચય મહોત્સવ 2026' સંદર્ભે કુલ 50 જેટલા દાતાઓ દ્વારા 5,000 પુસ્તકોનું દાન ગ્રંથાલયને મળ્યું તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-21 : તા. 7 મે 2026ના રોજ પ્રકાશન મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પુસ્તક વિમોચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'ચાલણગાડી', 'ગાંધી, કૃપાલાણી અને ગૂજરાત વિદ્યાપીઠ' તથા 'A Survey of Matar Taluka in Kheda: Mapping Economic Transformation and Equity' વગેરે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-21 : તા. 7 મે 2026ના રોજ પ્રકાશન મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પુસ્તક વિમોચન કાર્યક્રમમાં 'ચાલણગાડી', 'ગાંધી, કૃપાલાણી અને ગૂજરાત વિદ્યાપીઠ' તથા 'A Survey of Matar Taluka in Kheda: Mapping Economic Transformation and Equity' વગેરે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-22 : તા. 21 જૂન 2026 દરમ્યાન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સેવકોની ઉપસ્થિતિમાં યોગ કરવામાં આવ્યા. જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-22 : તા. 21 જૂન 2026 દરમ્યાન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલ યોગ કાર્યક્રમમાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સેવકોની ઉપસ્થિતિમાં યોગ કરવામાં આવ્યા, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-23 : તા. 28 જૂન, 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય તથા મેગેઝિન ક્લબ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે 'સામયિક સંવાદ' PRASAR - (Periodical Resource Access & Scholarly Archive Repository) પરિચય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-23 : તા. 28 જૂન, 2026ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય તથા મેગેઝિન ક્લબ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ 'સામયિક સંવાદ' PRASAR - (Periodical Resource Access & Scholarly Archive Repository) પરિચય કાર્યક્રમની બેઠકમાં નોંધ લેવામાં આવી.

<u>પરીક્ષા વિભાગ (Examination Branch)</u>

કાર્ય-24 : તા. 27 એપ્રિલ થી તા. 2 મે 2026 દરમ્યાન યોજાયેલ વસંતપંચમી સત્રાંત પરીક્ષામાં કુલ 1945 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી તથા તા. 7 મે 2026ના રોજ દરેક વિભાગ દ્વારા ગુણપત્રક વિતરણ કાર્યક્રમ દરમ્યાન દરેક પરીક્ષાર્થીઓને ગુણપત્રકો આપવામાં આવ્યા, જેની જાણ તથા નોંધ લેવા

અંગે. વધુમાં વર્ષ 2025 – 2026 દરમ્યાન 62 વિદ્યાર્થીઓએ PhD અભ્યાસ પૂર્ણ કરેલ છે.

| ક્રમ | અભ્યાસની કક્ષા | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 1. | સ્નાતક | 1104 |
| 2. | અનુસ્નાતક | 818 |
| 3. | અનુસ્નાતક ડિપ્લોમા | 23 |
| | કુલ | 1945 |

ઠરાવ-24 : તા. 27 એપ્રિલ થી તા. 2 મે 2026 દરમ્યાન યોજાયેલ વસંતપંચમી સત્રાંત પરીક્ષામાં કુલ 1945 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી તથા તા. 7 મે 2026ના રોજ દરેક વિભાગ દ્વારા ગુણપત્રક વિતરણ કાર્યક્રમ દરમ્યાન દરેક પરીક્ષાર્થીઓને ગુણપત્રકો આપવામાં આવ્યા તેની તથા વર્ષ 2025-2026 દરમ્યાન 62 વિદ્યાર્થીઓએ PhD અભ્યાસ પૂર્ણ કરેલ છે, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.


| ક્રમ | અભ્યાસની કક્ષા | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 1. | સ્નાતક | 1104 |
| 2. | અનુસ્નાતક | 818 |
| 3. | અનુસ્નાતક ડિપ્લોમા | 23 |
| | કુલ | 1945 |


કાર્ય-25 : ગૂજરાત વિદ્યાપીઠના 72મા પદવીદાન સમારોહમા નીચે દર્શાવ્યા મુજબના વિદ્યાર્થીઓની પદવી મેળવવા માટેની વિગતોની નોંધ લેવા તથા પદવીદાનનો અંદાજિત ખર્ચ રૂ. 37,50,000/- મંજૂર કરવા અંગે.

| પદવીની વિગત | ટપાલ દ્વારા પદવી મંગાવનાર વિદ્યાર્થીઓની સંખ્યા | | | | | | કુલ સંખ્યા | પદવીદાનમાં હાજર રહી પદવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | | | | | | કુલ સંખ્યા | એકંદરે કુલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ચાલુ વર્ષે પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | | જૂના-પાસ વિદ્યાર્થીઓની સંખ્યા | | | | ચાલુ વર્ષે પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | | જૂના-પાસ વિદ્યાર્થીઓની સંખ્યા | | | | |
| | સ્ત્રી | પુરૂષ | કુલ | સ્ત્રી | પુરુષ | કુલ | | સ્ત્રી | પુરુષ | કુલ | સ્ત્રી | પુરૂષ | કુલ | | |
| પીએચ.ડી. | 4 | 7 | 11 | 2 | 1 | 3 | 14 | 14 | 24 | 38 | 6 | 3 | 9 | 47 | 61 |
| એમ.ફિલ. | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | 1 | 2 |
| અનુસ્નાતક | 85 | 46 | 131 | 5 | 21 | 26 | 157 | 124 | 109 | 233 | 4 | 6 | 10 | 243 | 400 |
| અનુસ્નાતક ડિપ્લોમા | 2 | 3 | 5 | 3 | 3 | 6 | 11 | 5 | 6 | 11 | 0 | 0 | 0 | 11 | 22 |
| સ્નાતકોત્તર | 43 | 33 | 76 | 3 | 27 | 30 | 106 | 75 | 51 | 126 | 1 | 4 | 5 | 131 | 237 |
| સ્નાતક | 10 | 18 | 28 | 3 | 21 | 24 | 52 | 49 | 54 | 103 | 3 | 20 | 23 | 126 | 178 |
| કુલ સંખ્યા | 144 | 107 | 251 | 17 | 73 | 90 | 341 | 267 | 244 | 511 | 14 | 34 | 48 | 559 | 900 |

ઠરાવ-25 : ગૂજરાત વિદ્યાપીઠના 72મા પદવીદાન સમારોહમા નીચે દર્શાવ્યા મુજબના વિદ્યાર્થીઓની પદવી મેળવવા માટેની વિગતોની નોંધ લેવામાં આવી તથા પુખ્ત વિચારણાને અંતે પદવીદાનનો અંદાજિત ખર્ચ રૂ. 37,50,000/- મંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.

| પદવીની વિગત | ટપાલ દ્વારા પદવી મંગાવનાર વિદ્યાર્થીઓની સંખ્યા | | | | | | કુલ સંખ્યા | પદવીદાનમાં હાજર રહી પદવી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા | | | | | | કુલ સંખ્યા | એકંદરે કુલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ચાલુ વર્ષે પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | | જૂના-પાસ વિદ્યાર્થીઓની સંખ્યા | | | | ચાલુ વર્ષે પાસ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | | જૂના-પાસ વિદ્યાર્થીઓની સંખ્યા | | | | |
| | સ્ત્રી | પુરૂષ | કુલ | સ્ત્રી | પુરૂષ | કુલ | | સ્ત્રી | પુરૂષ | કુલ | સ્ત્રી | પુરૂષ | કુલ | | |
| પીએચ.ડી. | 4 | 7 | 11 | 2 | 1 | 3 | 14 | 14 | 24 | 38 | 6 | 3 | 9 | 47 | 61 |
| એમ.ફિલ. | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | 1 | 2 |
| અનુસ્નાતક | 85 | 46 | 131 | 5 | 21 | 26 | 157 | 124 | 109 | 233 | 4 | 6 | 10 | 243 | 400 |
| અનુસ્નાતક ડિપ્લોમા | 2 | 3 | 5 | 3 | 3 | 6 | 11 | 5 | 6 | 11 | 0 | 0 | 0 | 11 | 22 |
| સ્નાતકોત્તર | 43 | 33 | 76 | 3 | 27 | 30 | 106 | 75 | 51 | 126 | 1 | 4 | 5 | 131 | 237 |
| સ્નાતક | 10 | 18 | 28 | 3 | 21 | 24 | 52 | 49 | 54 | 103 | 3 | 20 | 23 | 126 | 178 |
| કુલ સંખ્યા | 144 | 107 | 251 | 17 | 73 | 90 | 341 | 267 | 244 | 511 | 14 | 34 | 48 | 559 | 900 |

કાર્ય-26 : પદવીદાન 2026 માટે વિવિધ વિદ્યાશાખાના 7 (સાત) 'મંદિર' ચંદ્રક અને વિવિધ વિભાગના 6 (છ) 'ધ્વજ' ચંદ્રક પ્રદાન કરવામાં આવશે, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-26 : પદવીદાન 2026 માટે વિવિધ વિદ્યાશાંખાના 7 (સાત) 'મંદિર' ચંદ્રક અને વિવિધ વિભાગના 6 (છ) 'ધ્વજ' ચંદ્રક પ્રદાન કરવામાં આવનાર છે, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

| વિદ્યાશાખા પારિતોષિક - મંદિર ચંદ્રક (સુવર્ણ ચંદ્રક) | | |
|---|---|---|
| ક્રમ | પારિતોષિકનું નામ | પારિતોષિક મેળવનારનું નામ |
| ૧. | કુલાધિપતિ મંદિર ચંદ્રક<br>ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા (મા ફાઉન્ડેશન) | કિંજલબેન મહેશભાઈ વસાવા,<br>એમ.એ., હિન્દી |
| ૨. | કુલાધિપતિ મંદિર ચંદ્રક<br>સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા | કાર્તિક પ્રહલાદભાઈ સુતરીયા,<br>એમ.એ., ઈતિહાસ |
| ૩. | કુલાધિપતિ મંદિર ચંદ્રક<br>શિક્ષણ વિદ્યાશાખા (પ્રો. આરતીબહેન વિનુભાઈ પટેલ) | પટેલ ક્ષિતિ હર્ષદકુમાર,<br>એમ.એડ્. |
| ૪. | કુલાધિપતિ મંદિર ચંદ્રક<br>શારીરિક શિક્ષણ વિદ્યાશાખા (મા ફાઉન્ડેશન) | ચાવડા તૃષલકુમાર મનસુખભાઈ<br>એમ.પી.એડ. |
| ૫. | કુલાધિપતિ મંદિર ચંદ્રક<br>વિજ્ઞાન વિદ્યાશાખા (ડૉ. લીલાબા હાલાજી દેવડા) | પ્રિન્સ કાંતિલાલ રાદડિયા,<br>એમ.એસસી. – સૂક્ષ્મજીવાણું વિજ્ઞાન |

| | | |
|---|---|---|
| ૬. | કુલાધિપતિ મંદિર ચંદ્રક<br>માહિતી, પ્રત્યાયન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા<br>(મા ફાઉન્ડેશન) | ક્રિષા સંજયભાઈ પટેલ,<br>એમ.સી.એ. |
| ૭. | કુલાધિપતિ મંદિર ચંદ્રક<br>વ્યવસ્થાપન વિદ્યાશાખા (સ્વ. સુરેન્દ્ર બાલકૃષ્ણ શાહ) | હિમાનીબેન રમેશપુરી ગોસ્વામી,<br>એમ.બી.એ. (ગ્રામ વ્યવસ્થાપન) |
| | **વિભાગ પારિતોષિક - ધ્વજ ચંદ્રક (સુવર્ણ ચંદ્રક)** | |
| ૧. | કુલાધિપતિ ધ્વજ ચંદ્રક<br>સમાજકાર્ય વિભાગ (સ્વ. વજુભાઈ વ્યાસ) અનુસ્નાતક કક્ષાએ | મીરા મુકેશભાઈ મહેતા,<br>એમ.એસ.ડબ્લ્યુ. |
| ૨. | કુલાધિપતિ ધ્વજ ચંદ્રક, અનુસ્નાતક કક્ષાએ<br>કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ,(કમ્પ્યૂટર સાયન્સ એલ્યુમની એસોસિએશન) | ક્રિષા સંજયભાઈ પટેલ,<br>એમ.સી.એ. |
| ૩. | કુલાધિપતિ ધ્વજ ચંદ્રક<br>બેચલર ઑફ એજ્યુકેશન, હિન્દી કક્ષાએ<br>(શ્રી જનક નટવરલાલ પરીખ – માતૃસ્મૃતિ પુરસ્કાર) | ચેતના દેવી,<br>બેચલર ઑફ એજ્યુકેશન (હિન્દી) |
| ૪. | શ્રી પ્રમોદ જોશી સમૂહજીવન ચંદ્રક<br>બેચલર ઑફ એજ્યુકેશન | અંગિતાબેન દાદુભાઈ ચૌધરી,<br>બેચલર ઑફ એજ્યુકેશન |
| ૫. | શ્રી પાંડુરંગ દેશપાંડે ચંદ્રક<br>સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ | હિમાંશુ કુમાર ત્રિપુરારી ઝા,<br>બી.એ. ઈતિહાસ |
| ૬. | સ્વ. પ્રો. રાસબિહારીલાલ ચંદ્રક<br>સમાજશાસ્ત્ર વિષયમાં સ્નાતક કક્ષાએ | પાયલબેન અશોકભાઈ રાઠવા,<br>બી.એ. સમાજશાસ્ત્ર |

**મહેકમ શાખા (Establishment Branch)**

કાર્ય-27 : શ્રી રમેશભાઈ હેમતાભાઈ પટેલ (ઉચ્ચ શ્રેણી કારકુન, શારીરિક શિક્ષણ વિભાગ, શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા) તા. 30.10.2026ને શુકવારના રોજ (તા.31.10.2026ના રોજ સરદાર જયંતીની જાહેર રજા હોવાથી રજાના લાભ સાથે) કાર્યાલય સમય બાદ સેવામાંથી વયનિવૃત્ત થતાં UGCનાં તા.20.08.1986નાં પત્ર ક્રમાંક F.73-4/85(NP-II), CCS (Commutation of Pension) Rules, CCS (Pension) Rules 2021, CCS (Leave) Rules as amended from time to time અન્વયે સેવા નિવૃત્તિના લાભોની અંદાજિત (1) કોમ્યુટેશનની રકમ રૂ. 9,47,882/, (2) ગ્રેજ્યુઈટીની રકમ રૂ. 12,72,480/- અને (3) રજાનું રોકડમાં રૂપાંતર રૂ. 7,71,200/- તેમને વયનિવૃત્ત થયા પછી અંદાજિત કુલ રકમ રૂ. 29,91,562/- ચૂકવવા તથા (4) તા.01.11.2026થી પેન્શન પ્રતિમાસ રૂ. 14,460/- અને ભથ્થાઓ તથા તેમના પી.એફ.નાં નાણાં ચૂકવવા મંજૂરી આપવા બાબત.

ઠરાવ-27 : શ્રી રમેશભાઈ હેમતાભાઈ પટેલ (ઉચ્ચ શ્રેણી કારકુન, શારીરિક શિક્ષણ વિભાગ, શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા) તા. 30.10.2026ને શુકવારના રોજ (તા.31.10.2026ના રોજ સરદાર જયંતીની જાહેર રજા હોવાથી રજાના લાભ સાથે) કાર્યાલય સમય બાદ સેવામાંથી વયનિવૃત્ત થતાં UGCનાં તા.20.08.1986નાં પત્ર ક્રમાંક F.73-4/85(NP-II), CCS (Commutation of Pension)

Rules, CCS (Pension) Rules 2021, CCS (Leave) Rules as amended from time to time અન્વયે સેવા નિવૃત્તિના લાભોની અંદાજિત (1) કોમ્યુટેશનની રકમ રૂ. 9,47,882/, (2) ગ્રેજ્યુઈટીની રકમ રૂ. 12,72,480/- અને (3) રજાનું રોકડમાં રૂપાંતર રૂ. 7,71,200/- તેમને વયનિવૃત્ત થયા પછી અંદાજિત કુલ રકમ રૂ. 29,91,562/- ચૂકવવા તથા (4) તા.01.11.2026થી પેન્શન પ્રતિમાસ રૂ. 14,460/- અને ભથ્થાઓ તથા તેમના પી.એફ.નાં નાણાં ચૂકવવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-28 : ભારત સરકારના Department of Pension & Pensioners Welfareના તા.04.08.2016ના ઓફિસ મેમોરેન્ડમ F.No.38/37/2016-P&PW(A)ના આધારે

(1) શ્રી કુસુમબેન નટવરલાલ સુથાર (કુટુંબ પેન્શનર)ને 90 વર્ષ પૂર્ણ થતાં તા.07.07.2026થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 13,860/- + રૂ. 5,544/- =રૂ. 19,404/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવા બાબત.

(2) શ્રી નરસિંહભાઈ કાળીદાસ મકવાણા (પેન્શનર)ને 80 વર્ષ પૂર્ણ થતાં તા.23.07.2026થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 12,450/- + રૂ. 2,490/- = રૂ. 14,940/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવા બાબત.

(3) શ્રી નારણભાઈ જીભાઈ પટેલ (પેન્શનર)ને 90 વર્ષ પૂર્ણ થતાં તા.25.10.2026થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 24,500/- + રૂ. 9,800/- =રૂ. 34,300/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવા બાબત.

ઠરાવ-28 : ભારત સરકારના Department of Pension & Pensioners Welfareના તા.04.08.2016ના ઓફિસ મેમોરેન્ડમ F.No.38/37/2016-P&PW(A)ના આધારે

(1) શ્રી કુસુમબેન નટવરલાલ સુથાર (કુટુંબ પેન્શનર)ને 90 વર્ષ પૂર્ણ થતાં તા.07.07.2026થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 13,860/- + રૂ. 5,544/- =રૂ. 19,404/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવામાં આવી

(2) શ્રી નરસિંહભાઈ કાળીદાસ મકવાણા (પેન્શનર)ને 80 વર્ષ પૂર્ણ થતાં તા.23.07.2026થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 12,450/- + રૂ. 2,490/- = રૂ. 14,940/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવામાં આવી.

(3) શ્રી નારણભાઈ જીભાઈ પટેલ (પેન્શનર)ને 90 વર્ષ પૂર્ણ થતાં તા.25.10.2026થી એડીશનલ પેન્શન સહિત અંદાજીત રકમ રૂ. 24,500/- + રૂ. 9,800/- =રૂ. 34,300/- ભથ્થાઓ સાથે ચૂકવવા મંજૂરી આપવામાં આવી.

કાર્ય-29 : ગૂજરાત વિદ્યાપીઠમાં નાણાં અધિકારી (Finance Officer) તરીકે શ્રી અમીત ઇન્દ્રજીતભાઈ જાની ફરજ બજાવતા હતા. તેમને તેઓની માતૃસંસ્થા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા દ્વારા એક વર્ષ માટે મંજૂરી આપી હતી. તેમનું એક વર્ષ પૂર્ણ થતાં ગૂજરાત વિદ્યાપીઠમાં નાણાં અધિકારીના પદ પરથી તેઓને મુક્ત કરવામાં આવ્યા છે. તેથી નાણાં અધિકારીની(Finance Officer) નિમણૂકની પ્રક્રિયા કરવામાં આવી, જેની જાણ બાબત.

ઠરાવ-29 : ગૂજરાત વિદ્યાપીઠમાં નાણાં અધિકારી (Finance Officer) તરીકે શ્રી અમીત ઇન્દ્રજીતભાઈ જાની ફરજ બજાવતા હતા. તેમને તેઓની માતૃસંસ્થા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા દ્વારા એક વર્ષ માટે મંજૂરી આપી હતી. તેમનું એક વર્ષ પૂર્ણ થતાં ગૂજરાત વિદ્યાપીઠમાં નાણાં અધિકારીના પદ પરથી તેઓને મુક્ત કરવામાં આવ્યા તેની તથા નાણાં અધિકારીની(Finance Officer) નિમણૂક માટે કરવામાં આવેલ પ્રક્રિયાની નોંધ લીધી. જેમાં શ્રી સંજય ગોરધનદાસ ઠકરારની પસંદગી કરવામાં આવી હતી, પરંતુ તેઓ જોડાઈ શકશે નહીં તેમ તેઓએ ઈમેઈલ દ્વારા જણાવેલ છે. તેથી નવેસરથી પ્રક્રિયા કરવાની થશે તેમ બહાલ રાખવામાં આવ્યું.

કાર્ય-30 : ગૂજરાત કુમાર વિનય મંદિર તથા ગૂજરાત વિનય મંદિરમાં કરાર આધારિત મદદનીશ શિક્ષકો તથા તેડાગર તરીકે (જાહેરાત ક્રમાંક 02/2026-27) પસંદગી પામેલ સેવકો તથા ઉચ્ચ શિક્ષણ ખાતે વિવિધ વિષયોના કરાર આધારિત મદદનીશ પ્રાધ્યાપકની નિમણૂક માટે જાહેરાત ક્રમાંક-03/2026-27 થી કુલ ૨૮ જગ્યાઓ માટે જાહેરાત આપવામાં આવેલ, તેની નિમણૂકો તથા આ બાબતના આનુસાંગિક ખર્ચની મંજૂરી આપવા અંગે.

ઠરાવ-30 : જાહેરાત ક્રમાંક 02/2026-27 અને જાહેરાત ક્રમાંક-03/2026-27 અંતર્ગત કરવામાં આવેલ નિમણૂકોને તથા આનુસાંગિક ખર્ચની મંજૂરી આપવામાં આવી.

કાર્ય-31 : Hiring of Agency for Providing Manpower Service at fix Remuneration માટે આઉટસોર્સ દ્વારા મેનપાવર(માનવ બળ) મેળવવા માટે GEM પર કરવામાં આવેલ ટેન્ડર અને ગૂજરાત વિદ્યાપીઠની શરતો મુજબ Justright Hospitalities & Services Pvt Ltd પાસેથી આઉટસોર્સથી મેનપાવર(માનવ બળ)ની સેવાઓ મેળવવા તથા તેના આનુસાંગિક ખર્ચની મંજૂરી આપવા બાબત.

ઠરાવ-31 : Hiring of Agency for Providing Manpower Service at fix Remuneration માટે આઉટસોર્સ દ્વારા મેનપાવર(માનવ બળ) મેળવવા માટે GEM પર તા. 07-11-2025થી પ્રક્રિયા કરવામાં આવેલ, જે કાર્યવાહક પરિષદની તા. 06-02-2026 ની બેઠકના ઠરાવ નં. 15થી જે તે સમયે મોકૂફ રાખેલ, જે બાબતે પુખ્ત ટેન્ડર પ્રક્રિયા અન્વયે પુખ્ત ચર્ચાવિચારણાને અંતે L1 આવેલ Justright Hospitalities & Services Pvt Ltd એજન્સી પાસેથી આઉટસોર્સથી મેનપાવર(માનવ બળ)ની સેવાઓ મેળવવા તથા તેનાં આનુસાંગિક ખર્ચની મંજૂરી આપવામાં આવી.

કાર્ય-32 : ગૂજરાત વિદ્યાપીઠ વિરુધ્ધ શિલ્પાબેન સુરેશભાઈ રાઠોડ- Oral Judgment of Hon'ble High Court of Gujarat in LPA No.288 of 2026 in SCA 14650 of 2019 with Civil Application (For Stay) No.1 of 2026 બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તા.17-12-2025 અને તા.09-04-2026ના ચુકાદાઓ સંદર્ભે કચેરીનાં તા.16-04-2026ના Office Orderથી શ્રીમતી શિલ્પાબેન સુરેશભાઈ રાઠોડની સાતમા પગારપંચ પ્રમાણે તા.01-04-2026થી પે લેવલ-1 (18,000-56,900) મૂળ પગાર 22,800/-માં ગ્રંથાલય ખાતે નિમણૂક કરવામાં આવી તથા રૂ. 20,00,000/- લાખ તથા તા. 01-04-2026થી નિયમિત પગારનાં નાણાં ફાળવવા સચિવશ્રી, યુ.જી.સી. અને સચિવશ્રી, શિક્ષણ મંત્રાલયને અત્રેની કચેરી દ્વારા Ref. No. 26/F.31/Legal/Estt./20267-, તા.16-04-2026ના પત્રથી દરખાસ્ત કરવામાં આવી છે.

ઠરાવ-32 : ગૂજરાત વિદ્યાપીઠ વિરુધ્ધ શિલ્પાબેન સુરેશભાઈ રાઠોડ- Oral Judgment of Hon'ble High Court of Gujarat in LPA No.288 of 2026 in SCA 14650 of 2019 with Civil Application (For Stay) No.1 of 2026 બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તા.17-12-2025 અને તા.09-04-2026ના ચુકાદા મુજબ કરવામાં આવેલ અમલ બાબતની બેઠકમાં નોંધ લેવામાં આવી અને તેને બહાલી આપવામાં આવી.

કાર્ય-33 : ડૉ. હેમુભાઈ જાંબુકિયા (નાયબ કુલસચિવ, મહેકમ શાખા)ને નાયબ કુલસચિવ તરીકે સેવામાં પાંચ વર્ષ પૂરા થતાં Pay Level 12,78,800-2,09,220 થી Pay Level 13 (1,23,100-2,15,900)માં તા. 01-06-2024થી મૂળ પગાર રૂ. 1,23,100/- મંજૂર કરવા બાબત.

ઠરાવ-33 : ડૉ. હેમુભાઈ જાંબુકિયા (નાયબ કુલસચિવ, મહેકમ શાખા)ને નાયબ કુલસચિવ તરીકે સેવામાં પાંચ વર્ષ પૂરા થતાં Pay Level 12,78,800-2,09,220 થી Pay Level 13 (1,23,100-2,15,900)માં તા. 01-06-2024થી મૂળ પગાર રૂ. 1,23,100/- મંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય-34 : વર્ષ 2025-26ના શૈક્ષણિક સેવકોની કામગીરી આધારિત મૂલ્યાંકન વ્યવસ્થા (PBAS) અને બિનશૈક્ષણિક સેવકોના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ (APAR)ની કામગીરી સમર્થમાં કરવામાં આવી, તેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-34 : વર્ષ- ૨૦૨૫-૨૬નાં શૈક્ષણિક સેવકોની કામગીરી આધારિત મૂલ્યાંકન વ્યવસ્થા (PBAS) અને બિન શિક્ષણિક સેવકોનાં વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ (APAR)ની કામગીરી સમર્થમાં કરવામાં આવી, તેની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-35 1 શ્રી જીતેન્દ્રભાઈ કરમશીભાઈ ઢેબરીયા(મદદનીશ પ્રાધ્યાપક,સમાજશાસ્ત્ર વિભાગ)ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્ર વિષયમાં Ph.D. માં Part Time Research Modeમા અભ્યાસ કરવાની આપેલ મંજૂરીની બહાલી બાબત.

2 ગ્રંથાલય, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે MTS (લાયબ્રેરી એટેન્ડન્ટ) તરીકે ફરજ બજાવતા શ્રી ટવિંકલ અનિલકુમાર રાણાની શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી ગોધરામાંથી લાઇબ્રેરી એન્ડ ઈન્ફોરમેશન સાયન્સ વિષયમાં પીએચ.ડી. અભ્યાસક્રમમાં પાર્ટ ટાઈમ વિદ્યાર્થી તરીકે આગળ અભ્યાસ કરવા

માટેની તા. 16-05-2026ના રોજની અરજી તેમજ અધ્યક્ષશ્રીની ભલામણને આધારે અભ્યાસ માટેની મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-35 1 શ્રી જીતેન્દ્રભાઈ કરમશીભાઈ ઢેબરીયા(મદદનીશ પ્રાધ્યાપક,સમાજશાસ્ત્ર વિભાગ)ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્ર વિષયમાં Ph.D. માં Part Time Research Modeમા અભ્યાસ કરવાની આપેલ મંજૂરીની બહાલી આપવામાં આવી.

2. ગ્રંથાલય, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે MTS (લાયબ્રેરી એટેન્ડન્ટ) તરીકે ફરજ બજાવતા શ્રી ટવિંકલ અનિલકુમાર રાણાની શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી ગોધરામાંથી લાઇબ્રેરી એન્ડ ઈન્ફોરમેશન સાયન્સ વિષયમાં પીએચ.ડી. અભ્યાસક્રમમાં પાર્ટ ટાઈમ વિદ્યાર્થી તરીકે આગળ અભ્યાસ કરવા માટેની તા. 16-05-2026ના રોજની અરજી તેમજ અધ્યક્ષશ્રીની ભલામણને આધારે અભ્યાસ માટેની મંજૂરી આપવામાં આવી.

કાર્ય-36 : યુ.જી.સી.ના માર્ગદર્શક સૂચનો મુજબ વિવિધ વિભાગોમાં પ્રોફેસર ઑફ પ્રેક્ટીસ તરીકે નિયુક્તિ માટે જાહેરાત આપવામાં આવી., જેની જાણ તથા બહાલી અર્થે રજૂ.

ઠરાવ-36 : યુ.જી.સી.ના માર્ગદર્શક સૂચનો મુજબ વિવિધ વિભાગોમાં પ્રોફેસર ઑફ પ્રેક્ટીસ તરીકે નિયુક્તિ માટે જાહેરાત આપવામાં આવી. જેમાં પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવેલ ભલામણ અન્વયે વિવિધ વિભાગોમાં પ્રોફેસર ઑફ પ્રેક્ટીસ તરીકે નીચે દર્શાવ્યા અનુસાર નિયુક્તિ કરવા ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | નામ | વિભાગ |
|---|---|---|
| 1. | શ્રી પૂનમચંદ પરમાર | વ્યવસ્થાપન અને વાણિજ્ય વિભાગ |
| 2. | શ્રી અનિકેતભાઈ તલાટી | વ્યવસ્થાપન અને વાણિજ્ય વિભાગ |
| 3. | શ્રી નરેશભાઈ દવે | પત્રકારત્વ વિભાગ |

કાર્ય-37 : ગૂજરાત વિદ્યાપીઠના નિયમ 2024ના ભાગ-3 (Examination and Student related Rules)ના નિયમ નં. 32 (Various honorarium for examination works) ઉમેરવા તથા ભાગ-5 (Finance Rules)ના નિયમ નં. 6. (Entitlement of fees of members of various committees) ના પેટાનિયમ 2(c) મા ફેરફાર કરવા અંગે.

ઠરાવ-37 : ગૂજરાત વિદ્યાપીઠના નિયમ 2024ના ભાગ-3 (Examination and Student related Rules)ના નિયમ નં. 32 (Various honorarium for examination works) ઉમેરવા તથા ભાગ-5 (Finance Rules)ના નિયમ નં. 6. (Entitlement of fees of members of various committees) ના પેટાનિયમ 2(c) મા ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું.

IQAC

કાર્ય-38 : આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ (IQAC) દ્વારા તા. 7 થી 9 મે 2026 દરમ્યાન કુલ 12 અધ્યાપકોની એકેડેમિક લેવલ 13A તથા કુલ 7 અધ્યાપકોની એકેડેમિક લેવલ 14 માટે Career Advancement Scheme (CAS)ની પ્રક્રિયા કરવામાં આવી. જે બહાલી અર્થે રજૂ.

ઠરાવ-38 : આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમ (IQAC) દ્વારા તા. 7 થી 9 મે 2026 દરમ્યાન કુલ 12 અધ્યાપકોની એકેડેમિક લેવલ 13A તથા કુલ 7 અધ્યાપકોની એકેડેમિક લેવલ 14 માટે Career Advancement Scheme (CAS)ની કરવામાં આવેલ પ્રક્રિયાને બહાલી આપવામાં આવી.

| ક્રમ | નામ | વિગત | મળવાપાત્ર તારીખ |
|---|---|---|---|
| 1. | ડૉ. દિવ્યેશકુમાર ભટ્ટ | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 28-02-2024 |
| 2. | ડૉ. બળદેવભાઈ ભીખાભાઈ મોરી | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 15-11-2019 |
| 3. | ડૉ. હસમુખલાલ રણલાલ પંચાલ | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 01-11-2024 |
| 4. | ડૉ. રવિન્દ્ર આર. પંચોલી | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 29-12-2023 |
| 5. | ડૉ. હિતેષકુમાર નાથાલાલ જાગાણી | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 28-03-2025 |
| 6. | ડૉ. બાદરભાઈ યાકુબભાઈ કુરેશી | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 18-02-2025 |
| 7. | ડૉ. નરેશભાઈ મુળજીભાઈ ચૌહાણ | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 01-01-2018 |
| 8. | ડૉ. વિક્રમ સિંઘ અમરાવત | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 08-07-2022 |
| 9. | ડૉ. મોતીભાઈ હીરાજી દેવુ | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 16-09-2025 |
| 10. | ડૉ. અમીષાબહેન નરેન્દ્રભાઈ શાહ | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 07-12-2025 |
| 11. | ડૉ. અરવિંદકુમાર ચુનીલાલ રામી | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 01-08-2023 |
| 12. | ડૉ. નીતિનભાઈ ખીમજીભાઈ ઢાઢોદરા | મદદનીશ પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 12) થી સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) | 30-08-2024 |
| 13. | ડૉ. ગેલજીભાઈ ભાટિયા | સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) થી પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 14) | 24-02-2020 |

| | | | |
|---|---|---|---|
| 14. | ડૉ. અતુલભાઈ પરમાર | સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) થી પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 14) | 16-04-2025 |
| 15. | ડૉ. કનુભાઈ બી. વસાવા | સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) થી પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 14) | 05-02-2025 |
| 16. | ડૉ. મનોજભાઈ ડુંગરભાઈ પરમાર | સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) થી પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 14) | 28-09-2022 |
| 17. | ડૉ. સતીષકુમાર પરષોત્તમદાસ પટેલ | સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) થી પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 14) | 16-06-2025 |
| 18. | ડૉ. નિમેષકુમાર ધનસુખલાલ ચૌધરી | સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) થી પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 14) | 08-01-2024 |
| 19. | ડૉ. અશોકકુમાર મોતીભાઈ પરમાર | સહપ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 13-A) થી પ્રાધ્યાપક (એકેડેમિક લેવલ 14) | 21-03-2024 |

**એસ્ટેટ શાખા (Estate Branch)**

કાર્ય-39 (1) ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પરિસરના છાત્રાલય (કુમાર - કન્યા) ની ભોજન વ્યવસ્થા માટે ગત વર્ષ તા. 06-09-2025ની કાર્યવાહક પરિષદના ઠરાવ નં. 57થી કામગીરી શ્રી ઓમસીંગ ચિમનસિંગ રાજપૂતને સોંપવામાં આવેલ હતી. તેને છાત્રાલય સમિતિની ભલામણ અન્વયે વધુ એક વર્ષ (જુલાઈ 2026 થી મે 2027) સુધી આપવા મંજૂરી અર્થે રજૂ.

(2) વર્ષ 2025-2026 દરમિયાન કુમાર તથા કન્યા છાત્રાલયના વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવેલ ભોજન એડવાન્સની વધેલ રકમ રૂ. 55,54,323/- પરત ચૂકવવા મંજૂરી અંગે.

ઠરાવ-39 (1) છાત્રાલય સમિતિની ભલામણ અન્વયે ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પરિસરના છાત્રાલય (કુમાર - કન્યા) ની ભોજન વ્યવસ્થાની કામગીરી માટે શ્રી ઓમસીંગ ચિમનસિંગ રાજપૂતને વધુ એક વર્ષ (જુલાઈ 2026 થી મે 2027) સુધી મંજૂરી આપવામાં આવી.

(2) વર્ષ 2025-2026 દરમિયાન કુમાર તથા કન્યા છાત્રાલયના વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવેલ ભોજન એડવાન્સની વધેલ રકમ રૂ. 55,54,323/- પરત ચૂકવવા મંજૂરી આપવામાં આવી.

કાર્ય-40 : ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પરિસરની કેન્ટીન સેવાઓ માટે ટેન્ડર પ્રક્રિયા કરી. જેને આધારે Shayona Dining Hall & Caterers ને ગૂજરાત વિદ્યાપીઠના જા.નં. 61/F.no.1012/GVP/EST/2026-27, તા. 09.06.2026 હેઠળ Work Order No. 03/2026-27 દ્વારા એક વર્ષ માટે કામગીરી આપેલ છે. જે અનુમોદન અર્થે રજૂ.

ઠરાવ-40 : ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પરિસરની કેન્ટીન સેવાઓ માટે કરેલ ટેન્ડર પ્રક્રિયાને આધારે Shayona Dining Hall & Caterers ને ગૂજરાત વિદ્યાપીઠના જા.નં. 61/F.no.1012/GVP/EST/2026-27, તા. 09.06.2026 હેઠળ Shayona Dining Hall & Caterers ને Work Order No. 03/2026-27 દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ પરિસરની કેન્ટીન સેવાઓ માટે એક વર્ષ માટે કામગીરી આપેલ છે, જેને અનુમોદન આપવામાં આવ્યું.

કાર્ય-41 : અમદાવાદ પરિસરમાં નીચે મુજબ પોલીશ કામ તથા કલરકામના કામોનો કુલ ખર્ચ રૂ. 6,01,993/- થયેલ છે, જે મંજૂર કરવા બાબત.

| ક્રમ | કામની વિગત | બીલની રકમ (રૂ) |
|---|---|---|
| 1. | અસ્મિતા મંદિર, મહાદેવ દેસાઈ સમાજસેવા વિભાગ, હીરક મહોત્સવ હૉલ તથા આચાર્ય નિવાસના દરવાજા, ફ્રેમો, બારીઓને પોલીશ કામ (વ. ઓ. નં. 1) | 3,50,885/- |
| 2. | ભાષા સંસ્કૃતિ મંદિર બિલ્ડીંગમાં કલરકામ (વ. ઓ. નં. 2) | 2,51,108/- |
| | કુલ રકમ | 6,01,993/- |

ઠરાવ-41 : અમદાવાદ પરિસરમાં નીચે મુજબ પોલીશ કામ તથા કલરકામના કામોનો પુખ્ત વિચારણાને અંતે કુલ ખર્ચ રૂ. 6,01,993/- ને મંજૂરી આપવામાં આવી.

| ક્રમ | કામની વિગત | બીલની રકમ (રૂ) |
|---|---|---|
| 1. | અસ્મિતા મંદિર, મહાદેવ દેસાઈ સમાજસેવા વિભાગ, હીરક મહોત્સવ હૉલ તથા આચાર્ય નિવાસના દરવાજા, ફ્રેમો, બારીઓને પોલીશ કામ (વ. ઓ. નં. 1) | 3,50,885/- |
| 2. | ભાષા સંસ્કૃતિ મંદિર બિલ્ડીંગમાં કલરકામ (વ. ઓ. નં. 2) | 2,51,108/- |
| | કુલ રકમ | 6,01,993/- |

<u>હિસાબ શાખા (Account Branch)</u>

કાર્ય-42 : ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યુ.જી.સી. અને શિક્ષા મંત્રાલય, ભારત સરકારને નાણાંકીય વર્ષ 2026-27 માટે પ્રથમ ત્રિમાસિક માગણાપત્રકોની વિગતો મોકલેલ જેની જાણકારી અને નિર્ણય લેવા બાબત.

ઠરાવ-42 : ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યુ.જી.સી. અને શિક્ષા મંત્રાલય, ભારત સરકારને નાણાંકીય વર્ષ 2026-27 માટે પ્રથમ ત્રિમાસિક માગણાપત્રકોની મોકલેલ વિગતોની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-43 : ગૂજરાત વિદ્યાપીઠના નવીનીકરણ કાર્યો અને આવર્તિત ખર્ચને કારણે ઊભી થયેલી નાણાંકીય જરૂરિયાત પૂર્ણ કરવા માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળ તરફથી તા. 27-05-2026 ના રોજ પ્રાપ્ત થયેલ રૂપિયા 2,00,00,000/-ગ્રાન્ટની નાણાંકીય સહાયની નોંધ લેવા બાબત.

ઠરાવ-43 : ગૂજરાત વિદ્યાપીઠના નવીનીકરણ કાર્યો અને આવર્તિત ખર્ચને કારણે ઊભી થયેલી નાણાંકીય જરૂરિયાત પૂર્ણ કરવા માટે ગૂજરાત વિદ્યાપીઠ મંડળ તરફથી તા. 27-05-2026 ના રોજ પ્રાપ્ત થયેલ રૂપિયા 2,00,00,000/-ગ્રાન્ટની નાણાંકીય સહાયની બેઠકમાં નોંધ લેવામાં આવી તથા ગૂજરાત વિદ્યાપીઠ મંડળ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી.

કાર્ય-44 (1) નાણાંકીય વર્ષ 2025-26ના ચોથા ત્રિમાસિક સમયગાળા માટેના આંતરિક અન્વેષણ (ઑડિટ) અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(2) નાણાંકીય વર્ષ 2025-26ના હિસાબો (અન ઓડિટેડ) ચર્ચાવિચારણા અર્થે રજૂ.

ઠરાવ-44 (1) નાણાંકીય વર્ષ 2025-26ના ચોથા ત્રિમાસિક સમયગાળા માટેના આંતરિક અન્વેષણ (ઑડિટ) અહેવાલ પર બેઠકમાં વિશદ ચર્ચા કરવામાં આવી. ચર્ચાને અંતે હિસાબ શાખા તથા આંતરિક અન્વેષણ (ઑડિટ) સાથે મળીને અહેવાલની પૂર્તતા કરે તેમ ઠરાવવામાં આવ્યું.

(2) નાણાંકીય વર્ષ 2025-26ના હિસાબો (અન ઓડિટેડ) સંદર્ભે ઝડપથી કામગીરી જુલાઈ અંત સુધીમાં પૂર્ણ કરવા ઓડિટરને જણાવવામાં આવ્યું.

કાર્ય-45 : ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) માટે વર્ષ 2026-27ના નાણાંકીય હિસાબો માટે (1) આંતરિક અન્વેષક (2) સ્ટેચ્યુટરી અન્વેષક (3) આયકર વિભાગ સાથેની સેવાઓ જેવી કે જીએસટી, ટીડીએસ રીટર્ન્સ લેવા માટે સંસ્થા/પેઢીની નિયુક્તિ કરવા બાબત.

ઠરાવ-45 : ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) માટે વર્ષ 2026-27ના નાણાંકીય હિસાબો માટે (1) આંતરિક અન્વેષક તરીકે પી.કે.શાહ એન્ડ કું. (2) સ્ટેચ્યુટરી અન્વેષક તરીકે ધીરુભાઈ શાહ એન્ડ કંપનીની નિયત શરતો સાથે એક વર્ષ મુદત લંબાવવા ઠરાવવામાં આવ્યું. વધુમાં ક્રમાંક નં. 3ની સેવાઓ સંસ્થાએ કરવા નક્કી કરવામાં આવ્યું.

કાર્ય-46 : ગૂજરાત વિદ્યાપીઠમાં નીચે દર્શાવેલ વિગતે સેવકને ચૂકવવાની થતી પી.એફ.ની. રકમ અંગે મંજૂરી બાબત.

| ક્રમ | સેવક ન. | નામ | મળવાપાત્ર રકમ | વિગત |
|---|---|---|---|---|
| 1. | 1032 | સુખદેવસિંહ જીવુભા ઝાલા | 16,80,819 | નિવૃત્ત તા. 30-06-2026 |
| 2. | 310 | શ્રી રમેશભાઈ હેમતાભાઈ પટેલ | 158383.52 | નિવૃત્ત તા. 31-10-2026 |

ઠરાવ-46 : ગૂજરાત વિદ્યાપીઠમાં નીચે દર્શાવેલ વિગતે સેવકને ચૂકવવાની થતી પી.એફ.ની. રકમ ચૂકવવા મંજૂરી આપવામાં આવી.

| ક્રમ | સેવક ન. | નામ | મળવાપાત્ર રકમ | વિગત |
|---|---|---|---|---|
| 1. | 1032 | સુખદેવસિંહ જીવુભા ઝાલા | 16,80,819 | નિવૃત્ત તા. 30-06-2026 |
| 2. | 310 | શ્રી રમેશભાઈ હેમતાભાઈ પટેલ | 158383.52 | નિવૃત્ત તા. 31-10-2026 |

કાર્ય-47 : ગૂજરાત વિદ્યાપીઠ ખાતે પરચૂરણ કામ જેવા કે સાફસફાઈ, સુથારીકામ, કડિયાકામ, ઇલેક્ટ્રિકકામ, પ્લમ્બિંગકામ, માળીકામ તેમજ સિક્યોરીટી માટે દૈનિક ધોરણે તથા છૂટક કામગીરી લેવામાં આવે છે, જે સંદર્ભે તા.10-03-2026 થી તા. 24-06-2026 સુધીમાં થયેલ કુલ ખર્ચ રૂ.30,86,567- ની મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ-47 : ગૂજરાત વિદ્યાપીઠ ખાતે પરચૂરણ કામ જેવા કે સાફસફાઈ, સુથારીકામ, કડિયાકામ, ઇલેક્ટ્રિકકામ, પ્લમ્બિંગકામ, માળીકામ તેમજ સિક્યોરીટી માટે દૈનિક ધોરણે તથા છૂટક કામગીરી સંદર્ભે તા.10-03-2026 થી તા. 24-06-2026 સુધીમાં થયેલ ખર્ચ બાબતે પુખ્ત વિચારણાને અંતે કુલ ખર્ચ રૂ. 30,86,567/- ને મંજૂરી આપવામાં આવી.

**વિદ્યાર્થી રમતગમત અને સાંસ્કૃતિક કલ્યાણ શાખા (SSCW Branch)**

કાર્ય-48 : 'સ્વપ્ન 2026' અંતર્ગત કુલ 29 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી તથા વેકેશન દરમ્યાન તા. 18 થી 30 જુન, 2026 દરમ્યાન વિદ્યાર્થીઓએ કરેલ કામના કલાકો મુજબ રૂ. 2,23,320/- ખર્ચ બહાલી અર્થે રજૂ.

ઠરાવ-48 : 'સ્વપ્ન 2026' અંતર્ગત કુલ 29 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી તથા વેકેશન દરમ્યાન તા. 18 થી 30 જુન, 2026 દરમ્યાન વિદ્યાર્થીઓએ કરેલ કામના કલાકો મુજબ રૂ. 2,23,320 ખર્ચને બહાલી આપવામાં આવી.

**રોજગાર પરામર્થન એકમ (Placement Cell)**

કાર્ય-49 (1) પ્લેસમેન્ટ સેલ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 'કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવ 2026' હેઠળ પ્લેસમેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેની જાણ તથા નોંધ લેવા અંગે.

(2) તા. 8 એપ્રિલ 2026ના રોજ રોજગાર પરાર્શન એકમ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 'પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના' અંતર્ગત વિશેષ ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-49 (1) પ્લેસમેન્ટ સેલ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલ 'કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવ 2026' હેઠળ પ્લેસમેન્ટ કાર્યક્રમની બેઠકમાં નોંધ લેવામાં આવી.

(2) તા. 8 એપ્રિલ 2026ના રોજ રોજગાર પરાર્શન એકમ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલ 'પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના' અંતર્ગત વિશેષ ઓરિએન્ટેશન પ્રોગ્રામની બેઠકમાં નોંધ લેવામાં આવી.

આઈ. ટી. શાખા (IT Branch)

કાર્ય-50 : ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગોમાથી ઉપલબ્ધ ઈ-વેસ્ટના નિકાલ માટે આઇ.ટી. શાખા દ્વારા ઈ-વેસ્ટ નિકાલ (E-Waste Disposal) ટેન્ડર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને આધારે રૂ. 4,28,892/- ની ઉપજ થઈ તેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-50 : ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગોમાથી ઉપલબ્ધ ઈ-વેસ્ટના નિકાલ માટે આઇ.ટી. શાખા દ્વારા ઈ-વેસ્ટ નિકાલ (E-Waste Disposal) ટેન્ડર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને આધારે થયેલ ઉપજ રૂ. 4,28,892/- ની બેઠકમાં નોંધ લેવામાં આવી.

કાર્ય-51 : પ્રકાશન મંદિર દ્વારા વર્ષ 2025-26મા કુલ રૂ. 20,35,849.93નું વેચાણ કરવામાં આવ્યું, જે છેલ્લા પાંચ વર્ષોનું મહત્તમ વેચાણ છે, જેની જાણ તથા નોંધ લેવા અંગે.

ઠરાવ-51 : પ્રકાશન મંદિર દ્વારા વર્ષ 2025-26મા કુલ રૂ. 20,35,849.93નું વેચાણ તથા છેલ્લા પાંચ વર્ષોમાં થયેલ મહત્તમ વેચાણની બેઠકમાં નોંધ લેવામાં આવી.

અંતે સૌ સભ્યોનો આભાર માની બેઠકની કામગીરી પૂર્ણ કરવામાં આવી.

તા. 17-07-2026

(ડૉ. હિમાંશુ પટેલ)
કુલસચિવ